ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૪૫.૦° સે.	૨૩.૦° સે.
બારડોલી	૪૨.૦° સે.	૨૨.૦° સે.
ભરૂચ	૪૬.૦° સે.	૨૪.૦° સે.
વ્યારા	૪૨.૦° સે.	૨૨.૦° સે.

સંક્ષિપ્ત સમાચાર

ચૂંટણી પૂર્વે નબીપુર પોલીસ દ્વારા સંવેદનશીલ ગામોમાં ફ્લેગ માર્ચ

ભરૂચ: નબીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવનારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ ગામોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.બંબુસર ગામમાં શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે ગામના મુખ્ય માર્ગો તેમજ વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ ગ્રામજનોને નિર્ભય અને નિષ્પક્ષ રીતે મતદાન કરવા અપીલ કરી હતી. સાથે જ કોઈપણ અફવા, ગેરમાર્ગે દોરતી માહિતી અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી. આ ફ્લેગ માર્ચ PI ટી.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

દહેજમાં અકસ્માતમાં મોપેડચાલકનું મોત

ભરૂચ: વડદલા ગામે રોયલ રેસિડન્સીમાં રહેતા ઉતરાખંડના પુરણસિંહ નરેન્દ્રસિંહ જોલવા જવા માટે સોસાયટીમાં જ રહેતા રાજુપ્રસાદની મોપેડ લઈ નીકળ્યા હતા. ત્યારબાદ એક અજાણ્યા શખ્સે ફોન કરીને જણાવ્યું કે સરસ્વતિ ટાઉનશીપ પાસે એક્ટિવા રોડની સાઇડમાં પડેલી છે અને પુરણસિંહને 108ની મદદથી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો છે. ગત 10મીએ તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. સરસ્વતિ ટાઉનશીપ પાસેના સ્પીડબ્રેકરને કારણે પુરણસિંહે સંતુલન ગુમાવતાં અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળે છે.

ભરૂચ રેલવે સ્ટેશનથી દારૂ સાથે યુવક ઝડપાયો

ભરૂચ: ભરૂચ રેલવે પોલીસે યાર્ડ વિસ્તારમાંથી એક યુવકને દારૂની પાંચ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલો આરોપી મૂળ રાજસ્થાનનો રીછપાલ પ્રેમારામ માલી (ઉં.વ.21) પાસેથી રૂ.1650નો મુદ્દામાલ કબજે કરાયો છે. આરોપીએ પોતાના પીવા માટે દમણથી દારૂ લાવ્યો હોવાની કબૂલાત કરી હતી.

દારૂની એક બોટલ સાથે ઓડિશાનો ઇસમ ઝડપાયો

ભરૂચ: ભરૂચ રેલવે પોલીસને સોમવારે સવારે પ્લેટફોર્મ નંબર 3 પાછળના ભાગેથી એક વ્યક્તિ ઉતાવળ કરીને જોવા મળતા શંકા ગઈ હતી. શંકાના આધારે પોલીસે તેને અટકાવી તપાસી લેતાં તેની થેલીમાંથી રૂ.1010ની દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે મૂળ ઓડિસાના ધિરેન્દ્ર સુકાંતકુમાર રાઉત (ઉં.વ. 32, રહે., અંકલેશ્વરના રાઘવેન્દ્ર સોસાયટી, કાપોદ્રા પાટિયા)ની અટક કરી હતી.

બારડોલીની ૨૦ વર્ષીય યુવતી રહસ્યમય રીતે ગુમ

બારડોલી: બારડોલી શહેરના તેન રોડ પર આવેલી ગ્રીનવેલી રત્ન કલશ સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી આકાંક્ષા અનિલકુમાર ખરવર ગત ૭ એપ્રિલના રોજ વહેલી સવારે પોતાના ઘરેથી કોઇને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. આ મામલે યુવતીના પિતા અનિલકુમાર ખરવરે બારડોલી ટાઉન પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. જે સાથે પોલીસે તપાસ હાથ ધરી છે.

બારડોલીના પલસોદ ગામેથી યુપીનો આધેડ ગુમ

બારડોલી: બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન હેઠળ આવતા પલસોદ ગામની સીમમાંથી એક ૪૬ વર્ષીય આધેડ રહસ્યમય રીતે ગુમ થયા હોવાની ઘટના સામે આવી છે. મૂળ ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાના રહેવાસી રિઝવાન રમજાન રાઈન પલસોદ ગામની હરીશભાઈની આંબાવાડીમાં હતા, જ્યાંથી ગત ૨૬ માર્ચના રોજ બપોરના સમયે તેઓ કોઇને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

વાલોડના બેડકુવા ગામે લગ્નની તારીખ લંબાતા યુવાને ગળે ફાંસો ખાધો

વાલોડ: વાલોડ તાલુકાનાં બેડકુવા ગામે બંગલી ફળિયામાં રહેતા છગનભાઇ કોટવાળીયા નો 21 વર્ષીય પુત્ર વિશાલના લગ્ન ઘાસિયામેઢા ગામની શર્મિલાબેન રાવજીભાઇ કોટવાળીયા સાથે નક્કી થયા હતા અને લગ્નનો સામાન લેવાનો હોય જોકે કોઈક કારણસર સમયસર સામાનની ખરીદી ન કરી શકતા લગ્નની તારીખ લંબાઈ હતી. જે વાતનું વિશાલને મનમાં લાગી આવતા તેણે તેના ઘરની બાજુમાં આવેલ એક રમણભાઈના ઘરમા લોખંડની એંગલ બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગેની જાણ વાલોડ પોલીસને થતાં તેમણે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બાજીપુરામાં પશુઓની હેરાફેરી કરતી ટ્રક ઝડપાઈ

વાલોડ: વાલોડ પોલીસની ટીમ રાત્રિ દરમ્યાન બાજીપુરા ચેકપોસ્ટ પાસે હાજર હતી તે. દરમ્યાન તેમણે બાતમીના આધારે એક ટાટા ટ્રક નંબર GJ-07-YY-3560 ને રોકવામાં આવ્યો હતો. તપાસ કરતાં જાણવા મળ્યું કે ટ્રકની પાછળ લાકડાના પાટિયા મારીને તેમાં ઘાસચારા કે પાણીની સુવિધા વગર 9 ભેંસને ખીચોખીચ ભરી દેવામાં આવી હતી. પોલીસે આ કાર્યવાહીમાં 9 ભેંસ અને ટ્રક મળી કુલ રૂ.7.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ટ્રક ચાલક બજરૂદ્દીન બશીરખાન પઠાણ (રહે,.ભરૂચ)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ભેંસો ભરી આપનાર અન્ય આરોપી શહેબાજ યુસુફ મરોઠી (રહે., ભરૂચ) ને વોન્ટેડ જાહેર કરી વાલોડ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજપુર તા. પં.ના ભાજપના ઉમેદવારને અકસ્માત

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના બેજ ગામના રહેવાસી અને રાજપુર તાલુકા પંચાયત બેઠક પરના ભાજપના ઉમેદવાર કિરણભાઈ સંપતભાઈ વળવી અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, કુકરમુંડા બજારમાં મોટરસાઇકલ ચાલકે અચાનક અડફેટમાં લેતા કિરણભાઈને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે કુકરમુંડાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમની હાલતને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે મહારાષ્ટ્રના નંદુરબારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

નેત્રંગના કોચબાર ગામે દારૂનો જથ્થો ઝડપાયો, બુટલેગર વોન્ટેડ

નેત્રંગ: ભરૂચ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, કોચબાર ગામના નિશાળ ફળિયામાં રહેતો મથુર ભટુભાઈ વસાવા પોતાના ઘરે છુટક દારૂનું વેચાણ કરી રહ્યો છે. જે આધારે રેડ કરતાં 7,500ની કિંમતની દારૂની 50 નાની બોટલ મળી આવી હતી. પોલીસે મથુર વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

નેત્રંગ મોરીયાણા જુગાર રમતી 3 મહિલા ઝડપાઈ

નેત્રંગ: નેત્રંગ પોલીસે બાતમીના આધારે મોરીયાણા ગામે દવાખાના ફળીયામાં રહેતા રતિલાલ માનસીંગના ઘર પાછળ આવેલ ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતી મહિલાઓને ઝડપી પાડી હતી. પોલીસે શનિ હિરાભાઈ વસાવા (ઉં.વ.૪૫), ભંગળી કનુભાઈ વસાવા (ઉં.વ.૫૦), પ્રિયંકા મુકેશભાઈ વસાવા (ઉં.વ.૩૫)ની અટકાયત કરી રોકડા 500 કબજે કર્યા હતા. પોલીસે અંબુબેન ભગવાનસીંગ વસાવા તેમજ ઉર્વશી મહેન્દ્રભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

સોનગઢ તાલુકાના સાદડુન ગામમાં 'નલ સે જલ' નિષ્ફળ

ચૂંટણીમાં થશે હવે 'વિકાસ'નો 'હિસાબ'

» **પીવાના** પાણી માટે મહિલાઓ દૂર નદીના કોતરનું પાણી લેવા જવા મજબૂર

» **આજે** પણ પાણી માટે ખાડા ખોદવા પડે છે, ચૂંટણીમાં ગ્રામજનો મિજાજ બતાવવાના મૂડમાં



લાખોના ખર્ચની ટાંકીમાં ટીપું પાણી નથી

સોનગઢ: તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં સરકારની મહત્ત્વકાંક્ષી 'નલ સે જલ' યોજના માત્ર કાગળ પર જ હોય તેવું ચિત્ર સાદડુન ગામની મુલાકાતે લેતાં સ્પષ્ટ જણાઈ આવે છે. દક્ષિણ સોનગઢના છેવાડાના વિસ્તારોમાં આજે પણ પીવાના પાણી માટે ભયાનક સ્થિતિ પ્રવર્તી રહી છે. ઉનાળાની શરૂઆત થતાં જ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે, સાદડુન ગામે તંત્રની નિષ્ફળતા અને જનતાનો આક્રોશ સ્પષ્ટ જોવા મળ્યો હતો.

સાદડુન ગામના નીચલી ફળિયા સહિતના વિસ્તારોમાં સ્થિતિ અત્યંત ગંભીર છે. ગામમાં લાખોના ખર્ચે ટાંકીઓ બનાવાઈ છે અને ઘરે ઘરે નળ પણ કનેક્શન કરવામાં આવ્યા છે, પરંતુ આ સુવિધાઓ માત્ર ધૂળ ખાઈ રહી છે. ટાંકીઓમાં આજદિન સુધી પાણીનું એક ટીપું પણ આવ્યું નથી. પરિણામે, ગામની મહિલાઓ અને બાળકોએ માઈલો દૂર ઉબડખાબડ રસ્તાઓ કાપી નદીના કોતરોમાં જવું પડે છે. ત્યાં ખાડા ખોદીને (વીરડા) દૂષિત પાણી ભરી તેઓ પોતાની તરસ છિપાવવા મજબૂર બન્યા છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે અધિકારીઓ એસી ઓફિસોમાં બેસીને મિનરલ વોટર પીવે છે, જ્યારે ગરીબ પ્રજા આજે પણ આદિમાનવ કાળની જેમ નદીના કોતરોમાંથી પાણી મેળવે છે. ગામમાં રોડ રસ્તાની પણ કોઈ સુવિધા નથી. તાપી જિલ્લા પંચાયતની રાણીઆંબા બેઠકમાં આવતા આ ગામની મુલાકાત કોઈ નેતા કે અધિકારી લેવા તૈયાર નથી, જેને કારણે લોકોમાં લોકશાહીના પર્વ એટલે કે ચૂંટણી પ્રત્યે ઉદાસીનતા જોવા મળી રહી છે. હાલમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, પરંતુ સાદડુન ગામના લોકોએ સ્પષ્ટ મિજાજ બતાવી દીધો છે. વિકાસના પોકળ દાવાઓથી કંટાળેલી જનતા હવે નેતાઓનો હિસાબ કરવાના મૂડમાં છે. જો સમયસર પાણીની સમસ્યા નહીં ઉકેલાય, તો મતદાનના દિવસે નેતાઓને જનતાનો જોરદાર વિરોધ સહન કરવો પડી શકે છે. હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર જાગશે ખરું

સોનગઢના ચીખલી ભેંસરોટ ગામે પતિનો પત્ની પર હુમલો

સોનગઢ: સોનગઢ તાલુકાના ચીખલી ભેંસરોટ ગામે દાદરી ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય પ્રિયંકાબેનના લગ્ન વર્ષ ૨૦૨૨માં પિયુષભાઇ ગામીત સાથે થયા હતા અને તેઓને સંતાનમાં બે પુત્રી છે. લગ્ન જીવનમાં વર્ષ ૨૦૨૫થી પતિ નાની નાની બાબતોમાં ઝઘડો કરતો હોવાથી પ્રિયંકાબેન પિયર કરંજવેલ રહેવા જતા રહ્યા હતા, પરંતુ આઠ માસ અગાઉ પતિએ સુધરી જવાની ખાતરી આપતા સમાધાન કરી તેઓ ફરી સાસરીમાં રહેવા આવ્યા હતા. રવિવારે પ્રિયંકાબેન ઘરે એકલા હતા ત્યારે તેમના પતિ પિયુષભાઇએ ઘરે આવી અગાઉના ઝઘડાની અદાવત રાખી 'તું મને કેમ તારા ઘરના માણસો પાસે માર ખવડાવે છે?' તેમ કહી ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા પિયુષભાઇએ પત્નીને હાથમાં પહેરેલા લોખંડના કડા વડે પ્રિયંકાબેનના મોઢા, કપાળ અને નાકના ભાગે જોરદાર પ્રહાર કર્યા હતા. હુમલાને કારણે લોહીલુહાણ થઈ જતાં હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રિયંકાબેને પતિ પિયુષભાઇ ગામીત વિરુદ્ધ ફરિયાદ આપતા સોનગઢ પોલીસે તપાસ હાથ ધરી છે.

ફરી અંકલેશ્વરની ઉભેર ખાડીમાં અસંખ્ય માછલીઓનાં મોત

ગત વર્ષ પણ અસંખ્ય માછલીઓના મોત થયા હતા, વારંવાર બનતી ઘટના, પરિણા શૂન્ય

સુરેશ ગાંધી

અંકલેશ્વર: આજે અંકલેશ્વર તાલુકાના ઉછાલી ગામ પાસેથી વેહતી ઉભેર ખાડીમાં ઊછાળી બ્રિજ પાસે અસંખ્ય માછલીના મૃત્યુ થયા છે. ગત વર્ષે પણ આ ઉભેર ખાડીમાં અસંખ્ય માછલીના મૃત્યુ થયા હતા. જેની ફરિયાદ જે તે સમયે સરકારી વિભાગમાં કરાઇ હતી. જેની તપાસ થઇ હતી આજે ફરી એજ સ્થળે ઘટના બનતા બનાવની જાણ પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા દ્વારા જીપીસીબી ગાંધીનગર અને અંકલેશ્વરને કરાઇ છે.

આ સ્થળ પર ઉભેર ખાડીમાં પાણી ઝગડિયા તરફથી તેમજ વાલિયા તરફથી પણ આવે છે. હાલ આ પ્રદૂષિત પાણી ક્યાંથી આવ્યું એ તપાસનો વિષે છે અને જીપીસીબી નિષ્પક્ષ અને પારદર્શક કાર્યવાહી કરે એ જરૂરી છે. પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમ પટેલે જણાવ્યું હતું કે ઉભેર ખાડીમાં માછલીઓના મૃત્યુનું પુનરાવર્તન થયું છે. આજની ઘટના બાબતે અમોએ અંકલેશ્વર જીપીસીબીના અધિકારીને ટેલિફોનિક જાણ કરી છે. સ્થાનિકોના કહેવા મુજબ છેલ્લા ત્રણ દિવસથી માછલીઓની મૃત્યુની ઘટના બની રહી છે, જેમાં આજે વધારો થયો છે. જીપીસીબી દ્વારા અગાઉ પણ આવી ઘટનાઓની ફરિયાદ બાદ તપાસ તો થાય છે પરંતુ પારદર્શક કાર્યવાહી થતી નથી. આ પ્રદૂષિત પાણી થી છાપરા ખાડી, નર્મદા નદી તેમજ ભૂગર્ભ પણ પ્રદૂષિત થાય છે, જેનાથી જળચર અને માનવ સ્વસ્થાયને ગંભીર નુકસાન થાય છે.

આમોદના કેરવાડા ગામે રાજવી પરિવાર પાસે 40 લાખની ખંડણીમાં 3 ઝડપાયા

પરિવારને ખોટા આરોપમાં ફસાવી દેવાની ધમકી પણ આપી



આમોદ, ભરૂચ: આમોદ તાલુકાના કેરવાડા ગામના રાજવી પરિવારના વારસદારને ફિલ્મી અંદાજમાં ડરાવી-ધમકાવી 40 લાખ રૂપિયાની ખંડણી માંગવાના ગંભીર ગુનામાં આમોદ પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓએ રાજવી પરિવારને ખોટા આરોપમાં ફસાવી કોર્ટના ચક્કર લગાવી જેલમાં પુરાવી દેવાની ધમકી પણ આપી હતી.

કેરવાડા રજવાડાના રાજવી દાદા માનસિંહ ભાસાહેબે તેમના પૌત્ર મયુરધ્વજસિંહ વિજયસિંહ રાણાને વસિયતનામા દ્વારા સમિયાલા ગામે આવેલી જમીન (જૂનો બ્લોક/સર્વે નં. ૨૪૫ અને નવો બ્લોક/સર્વે નં. ૪૮) વારસામાં આપી હતી. ફરિયાદી મયુરધ્વજસિંહ આ જમીન પર ખેતી કરે છે. પોલીસ સૂત્રો અનુસાર, આરોપીઓ સૈયદ ઇસ્માઇલ મોટાજી ઉર્ફે બસીર બાપુ, સૈયદ સર્ફરાજ અબ્બાસ અને સૈયદ અલી મોટાજી (તમામ રહે., કેરવાડા, તા.આમોદ)એ ગત 30 માર્ચ 2026ના રોજ સવારે સમિયાલા ગામની ખેતીની જમીન પર જઈ ફરિયાદીના સુરક્ષા કર્મચારીઓને અભદ્ર ગાળો આપી, ધોકાથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ 50 ખુરશીઓ બળજબરીથી કઢાવી લીધી હતી.

કેરવાડા ગામ ખાતે આ ત્રણેય આરોપીએ સુનિલસિંહના કહેવાથી મયુરધ્વજસિંહ અને તેમના બહેન ભારતીકુંવરબાને મા-બહેનની ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ કહ્યું હતું કે, 'તમને કોઈ ખોટા ગુનામાં ફસાવી કોર્ટના ચક્કર લગાવી જેલમાં પુરાવી દઈશું.' આરોપીઓએ જમીનમાં ન આવવા ફરમાન કર્યું હતું અને જો જમીનમાં આવવું હોય તો 40 લાખ રૂપિયાની માંગ કરી હતી. તા.10 એપ્રિલ 2026ના રોજ આરોપી સૈયદ ઇસ્માઇલ મોટાજી ઉર્ફે બસીર બાપુ અને સિરાજ હસન રાણા ઉર્ફે સુનિલસિંહ વિજયસિંહ રાણાએ અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફરિયાદી મયુરધ્વજસિંહને ફોન કરી 40 લાખ રૂપિયાની માંગણી કરી હતી. ફરિયાદીએ આ તમામ ઘટનાઓની વિડિયોગ્રાફી અને ફોન રેકોર્ડિંગ કરીને પેનડ્રાઈવ આમોદ પોલીસમથકે રજૂ કરી હતી. પુરાવાના આધારે પોલીસે ફરિયાદ નોંધી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જ્યારે ચોથા આરોપી સિરાજ હસન રાણા ઉર્ફે સુનિલસિંહની ધરપકડ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ટ્રક ડ્રાઈવરોને પોષ ડોડાના ભૂકો વેચતો શખ્સ ધામણોડથી ઝડપાયો

47,570નો મુદ્દામાલ કબજે, અજાણ્યો ટ્રકચાલક વોન્ટેડ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: સુરત જિલ્લા એસઓજી પોલીસને બાતમી મળી હતી કે કોસંબા પોલીસમથક હદ વિસ્તારના ધામણોદ નજીક આવેલી હોટલ નગીના પાસે એક યુવાન પાસે પોસ્ટ કોડાનો ભૂકાનો જથ્થો છે. જેથી સુરત જિલ્લા એસઓજી પોલીસે તપાસ કરતાં ઘટના સ્થળેથી રાજસ્થાની હડમાનરામ છોગારામ બિસનોઇને પોસ્કોડાના સવા બે કિલોના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આરોપી છૂટકમાં પોષડોડાના ભૂકાનું છૂટક વેચાણ કરતો હતો અને અજાણ્યા ટ્રક ડ્રાઈવર અવારનવાર સુરત આવે ત્યારે પોષ ડોડાનો ભૂકો લઈ આવી હડમાનરામને વેચાણથી આપતો હતો અને હડમાનરામ હોટલમાં રોકાતા રાજસ્થાન અને હરિયાણા તરફના ટ્રક ડ્રાયવરોને છૂટકમાં વેચાણ કરતો હતો. 35,000ની કિંમતનો જથ્થો અને મોબાઈલ મળી 45,000ના મુદ્દામાલ કબજે લઈ માલ આપનાર અજાણ્યા ટ્રક ડ્રાઈવરને વોન્ટેડ જાહેર કર્યો હતો. પાલોદ પોલીસ મથકના પી.આઈ એસ જે ભાટીયા ને સોંપતા આરોપીને કોર્ટમાં રજૂ કરતા આગામી તારીખ 15 સુધી એટલે કે ત્રણ દિવસના શ્રીમાન મંજૂર કરવામાં આવ્યા છે.

તેનગામમાં પત્ની લગ્નમાં ગઈને પતિએ જીવન ટુંકાવ્યું

મૃતક રણધીરસિંહ સટ્ટા ટ્રેડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા

બારડોલી: બારડોલીના તેનગામ સ્થિત ચાણક્યપુરી વિસ્તારમાં આવેલી સાઈ રીવર રેસિડન્સીમાં ભાડાના મકાનમાં રહેતા ૨૭ વર્ષીય રણધીરસિંહ લાલસિંહ સીંગે કોઈ અગમ્ય કારણોસર સીલિંગ ફેન સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતક રણધીરસિંહ સટ્ટા ટ્રેડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

ઘટનાની વિગત મુજબ, રણધીરસિંહના પત્ની પાયલબેન રાનવેરી ગામે એક લગ્નપ્રસંગમાં ગયા હતા, જેથી રણધીરસિંહ ઘરે એકલા જ હતા. રવિવારે વહેલી સવારે રણધીરસિંહને દિલ્હી જવાનું હોવાથી પત્ની પાયલબેને તેમને જગાડવા માટે વારંવાર ફોન કર્યા હતા. જોકે, લાંબા સમય સુધી ફોન ન ઉપડાતા પત્નીને શંકા ગઈ હતી અને તેઓ તાત્કાલિક રાનવેરીથી બારડોલી ઘરે દોડી આવ્યા હતા. ઘરે પહોંચીને જોયું તો દરવાજો અંદરથી બંધ હતો, જેથી પાયલબેને સ્થાનિક લોકોની મદદ લીધી હતી.

સ્થાનિકોની મદદથી ઘરનો દરવાજો તોડી અંદર પ્રવેશતા જ રણધીરસિંહ લટકતી હાલતમાં જોવા મળ્યા હતા, જે જોઈ પત્ની સહિતના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવ અંગે બારડોલી ટાઉન પોલીસને જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ ગણપતભાઈ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

UPL યુનિવર્સિટી દ્વારા 'PAIR અને PEER Learning Initiative' હેઠળ વિદ્યાર્થીઓનું સન્માન



ભરૂચ: યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી દ્વારા 'PAIR Learning Initiative' અને 'PEER Learning Initiative' અંતર્ગત વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનને બિરદાવતો સન્માન સમારંભ યોજાયો હતો. આ અવસરે રોટરી ક્લબ, અંકલેશ્વરના પ્રમુખ પંકજ ભરવાડા અને હિન્દુસ્તાન બેકલાઇટના મેનેજિંગ ડિરેક્ટર આર. ડી. માને મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. સમારંભમાં રોટરી ક્લબના સચિવ વિપિન નાયર, યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ, રજિસ્ટ્રાર ધર્મેશ પટેલ, પરીક્ષા નિયંત્રક ડો. પૂર્વી નાયક, ડીન એન્જિનિયરિંગ ડો. ઓમપ્રકાશ મહાદવાડ, ડીન આર એન્ડ ડી ડો. આલોક ગૌતમ તેમજ ડીન સાયન્સ ડો. સ્નેહલ લોખંડવાલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.'PAIR Learning Initiative' હેઠળ કુલ 236 વિદ્યાર્થીઓને 415 વિષયો માટે રૂ. 2,07,500નો રોકડ પુરસ્કાર, કુલ 200 વિદ્યાર્થીઓને 432 PLI પુરસ્કારો અંતર્ગત રૂ. 86,400નો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અંકલેશ્વરમાં ૧૬મા એઆઈએ ઇન્ડસ્ટ્રીયલ એક્સપોનું ત્રિદિવસીય આયોજન

અંકલેશ્વર: અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનો ૧૬મો એઆઈએ-ઇન્ડસ્ટ્રીયલ એક્સપો- ૨૦૨૬ તા.૧૬-૧૭-૧૮ એપ્રિલ-૨૦૨૬ (ત્રણ દિવસ) દરમ્યાન યુટિલિટી પ્લોટ નંબર ૨, ઇ.એસ.આઇ.સી. હોસ્પિટલ સામે, જીઆઇડીસી, અંકલેશ્વર ખાતે યોજાશે. ૧,૨૦,૦૦૦ સ્કેવર ફૂટ લેંડસ્કેપ એરિયામાં યોજનારા આ મેગા પ્રદર્શનમાં નાના-મોટા થઈને ૧૨૫થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ એક્ઝિબિશન સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે આ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રેસિડેંટ અને સીએચઆરઓ મનોજ કુમાર શર્મા, સુદર્શન ગુજરાત મેન્યુફેક્ચરિંગ પ્રા. લી. એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડી. કે. રાણા, કોહિઝોન લાઈફ સાયન્સ લી.ના ચીફ ઓપરેશન્સ એન્ડ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સી. બી. ભારદ્વાજના વરદ હસ્તે થશે. આ સમારંભ દરમ્યાન એ.આઇ.એ. આનંદપુરા ટ્રોફીનો વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં માઇક્રો, સ્મોલ, મીડિયમ અને લાર્જ ઇન્ડસ્ટ્રીયલ યુનિટોમાંથી બેસ્ટ એક્સપોર્ટ અને હાઈએસ્ટ મેન્યુફેક્ચરિંગ ટર્નઓવરની પ્રતિયોગીતામાં વિજેતા થયેલ તમામને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવશે. એક્સ્પોમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ભાગ લેશે.

વરેલીથી અપહરણ કરાયેલા 7 વર્ષના બાળકને પૂણેથી હેમખેમ છોડાવાયો

પરિચિત યુવાન સમોસા ખવડાવવાના બહાને ઉપાડી ગયો

પલસાણા: પલસાણા તાલુકાના વરેલી ગામેથી વિશ્વાસઘાત કરી અપહરણ કરવામાં આવેલા માસૂમ બાળકને ગણતરીના કલાકોમાં શોધી કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ અને સ્થાનિક ગુના નિવારણ શાખાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આરોપીને મહારાષ્ટ્રના પુણેથી દબોચી લીધો હતો.

ઘટનાની વિગતો મુજબ, વરેલીના સાઈનગરમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના સરિતાબેન કોટાર ગત 12 એપ્રિલના રોજ સવારે પોતાના બાળકો સાથે નોકરી પર જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમનો પરિચિત દિલીપ વિશાલ કોટાર રસ્તામાં મળ્યો હતો. પરિચિત હોવાને નાતે વિશ્વાસ કેળવી દિલીપે 7 વર્ષના આર્યનને સમોસા ખવડાવવાના બહાને પોતાની સાથે લીધો હતો. જોકે, કલાકો વીતવા છતાં દિલીપ બાળક સાથે પરત ન ફરતા અને તેનો ફોન પણ બંધ આવતા પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. અંતે અપહરણની આશંકા સાથે પરિવારે પોલીસના દ્વાર ખખડાવ્યા હતા. સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકે તાત્કાલિક કડક કાર્યવાહીના આદેશો જારી કર્યા હતા. કડોદરા જી.આઈ.ડી.સી. પીઆઈ વી.એ. દેસાઈ અને એલ.સી.બી.ની અલગ-અલગ ટીમોને તપાસ દરમિયાન મહત્વની કડી મળી હતી કે આરોપી બાળકને લઈને ટ્રેન કે ખાનગી વાહન મારફતે મહારાષ્ટ્ર તરફ નાસી છૂટ્યો છે.

પોલીસની ટીમે પીછો કરી પુણેમાંથી આરોપી દિલીપ કોટારને ઝડપી પાડ્યો હતો. આરોપીની ચુંગાલમાંથી માસૂમ આર્યનને હેમખેમ છોડાવી લેવામાં આવ્યો હતો. હાલમાં પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પરીઆ પાસે કાર અડફેટે લેતાં શ્રમિક યુવકનું મોત

સાયણ: સાયણ- ઓલપાડ રોડ ઉપર પરીઆ ગામની હદમાં હેવન-૩૭ સોસાયટીની સામે કાર અને મોપેડ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં પરીઆનાં શ્રમિક યુવકનું ઘટના સ્થળે મોત થયું છે. ઓલપાડ તાલુકાનાં પરીઆ ગામના પાદર ફળિયામાં યશ વિજયભાઈ ગામીત (૨૫) રહી મજૂરી કામ કરતો હતો. યશ ગામીત ગત રવિવારે ઓલપાડ- સાયણ રોડ ઉપર મોપેડ (નં. જીજે ૦૫ ટીવાય ૭૯૬૧) હંકારી ઘરે જઈ રહ્યો હતો. તે જ્યારે હેવન-૩૭ સોસાયટીની સામેનાં રોડ પરથી પૂરઝડપે દોડતી કાર (નં. જીજે ૦૫ આરઝેડ ૧૯૩૯)નાં અજાણ્યાચાલકે ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજા થતા યશનું ઘટના સ્થળે જ મોત થયું હતું. પોલીસે કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.